મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૩ ટકા
ગાંધીનગર તાપમાન

# સિવિલને સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ બનાવાશે

## નવી બિલ્ડીંગની બાજુમાં ૯ માળની બે ઈમારતમાં ટ્રોમા સેન્ટર, નેફ્રોલોજી અને કાર્ડીયોલોજી વિભાગ બનશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મેડીકલ કોલેજ કાર્યરત થયા બાદ આરોગ્યની સેવાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. ત્યારે વર્ષ ૨૦૧૮-૧૯ ના બજેટમાં સિવિલ સંકુલમાં સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ પણ ઉભી કરવા માતબર રકમની જોગવાઈ કર્યા બાદ તંત્રએ આ દિશામાં મહેનત કરવાનું શરુ કરી દીધુ હતું. જેને અનુલક્ષી અગાઉ ઓડીટોરીયમની પાછળની બાજુમાં જે કાર્ડીયોલોજી અને નેફ્રોલોજીની હોસ્પિટલ બનાવવાની હતી તેની જગ્યામાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ અંગે નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આવ્યા હતા અને નવી જગ્યા માટે સ્થળ પરિક્ષણ પણ કર્યું હતું.

**પહેલા નવી બે બિલ્ડીંગ બનાવવા માટે ઓડીટોરીયમની બાજુમાં જગ્યા જોવામાં આવી હતી પરંતુ ત્યાં વધુ વૃક્ષો હોવાથી તેમજ દર્દીઓને દુર પડે તેમ હોવાથી નવી બિલ્ડીંગની બાજુમાં દર્દીઓને એસટી સ્ટેન્ડથી નજીક પડે અને દર્દીઓને પણ અન્ય સ્થળે ખસેડવામાં સરળતા રહે તે માટે આ જગ્યા પસંદ કરાઈ છે. જેને પગલે બે નવી બિલ્ડીંગના સ્થળ પરિક્ષણ માટે નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલે સિવિલની મુલાકાત લીધી હતી અને ઓછા વૃક્ષો કપાય તે માટે પ્લાનમાં ફેરફાર કરાયો છે.**

૬૦૦ બેડની હોસ્પિટલની પાસે અને ઘ-રોડ નજીક નવી બિલ્ડીંગ બનાવવામાં આવશે.આ બિલ્ડીંગ નવ માળની હશે અને તેમાં ૩૦૦ જેટલી પથારીઓ રાખવામાં આવશે. જેમાં હાર્ટ અને અને કિડનીના લગતા દર્દીઓની સારવાર કરવામાં આવશે. એટલું જ નહીં આ ઉપરાંત આ જ જગ્યાએ એટલે કે ઘર રોડથી નજીક પડે તે રીતે અહીં દોઢથી બે માળનું આધુનિક ટ્રોમાં સેન્ટર પણ બનાવવામાં આવશે. મુખ્યમાર્ગની નજીક જ આ ટ્રોમાં સેન્ટર બનાવવાનું હોવાના કારણે દર્દીઓને ઝડપથી સારવાર મળી રહેશે. અહીં માઈનોર ઓપરેશન થિએટર પણ ઉભા કરાશે. અને અહીંથી ૬૦૦ બેડની હોસ્પિટલમાં દર્દીને ટ્રાન્સફર કરી શકાય તે માટે ખાસ મહેકમની પણ વ્યવસ્થા કરવામાં આવશે.

એસ.ટી. ડેપોની સામેની બાજુએ સિવિલ સંકુલમાં આ બંન્ને કે અને એલ બ્લોક પાછળ ૨૦૦ કરોડથી પણ વધુ રૂપીયાનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. ત્યારે આ સમગ્ર બાંધકામ ૬૫ હજાર ચોરસમીટરમાં ઉભુ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ બની ગયા પછી ગાંધીનગર સહિત



**નવી ઉભી થનાર બે બિલ્ડીંગના પ્લાન મુજબ અંડર ગ્રાઉન્ડ પાર્કિંગ વધુ મોટું હોવાનું દર્શાવાયું હતું. જેને પગલે પાર્કીંગ જરૂરીયાત મુજબનું ઉભુ કરવા નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ દ્વારા જણાવાયું હતું.**

ઉત્તર ગુજરાતના દર્દીઓને અમદાવાદ જવું નહી પડે. જયારે ટ્રોમાં સેન્ટર બન્યા બાદ ગંભીર અકસ્માત કે ઈજા પામેલા દર્દીઓને સમયસર અને ઝડપી સારવાર મળી રહેશે. આ પ્રસંગે મેડીકલ કોલેજના ડીન ડો. શોભના ગુપ્તા, સિવિલના સુપ્રિટેન્ડન્ટ ડો. બિપિન નાયક, આરએમઓ ડો. રાજેન્દ્ર ચૌહાણ, પીઆઈયુ વિભાગના અધિકારી કાર્તિક પટેલ સહિત અધિકારી-કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## વાતવાતમાં

● ગાંધીનગર તાલુકાના કોટેશ્વર ગામે સાબરમતી નદી ખાતે સ્વચ્છતા અભિયાનનો આરંભ વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે કરાવ્યો હતો.

● જિલ્લા પંચાયતમાં અધિકારીઓમાં વેકેશનનો માહોલ જામ્યો હોય તેમ અધિકારીઓ રજા પર જતા વહીવટી તંત્ર ઠપ્પ થઈ જવા પામ્યું છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લક્ષ્ય પ્રોજેકટ અંતર્ગત એક ટીમે તાજેતરમાં લેબર રૂમ તેમજ ઓપરેશન થિયેટરની મુલાકાત લઈ સુવિધાઓની સમીક્ષા કરી હતી.

● દહેગામ ખાતે આજે એસ.ટી. નિગમના કર્મચારીઓનો મેડીકલ ચક અપ કેમ્પ યોજાયો હતો જેમાં ત્રણ કર્મચારીઓના બી.પી. વધુ જણાયા હતા.

● ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મફત છાશ વિતરણનો મનપાની કચેરી ખાતે આરંભ કરાયો છે.

## મત્સ્યોદ્યોગ વિભાગના કર્મચારીઓના પડતર પ્રશ્નો બાબતે મુખ્યમંત્રીને રજૂઆત

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત રાજય મત્સ્યોદ્યોગ વિભાગના કર્મચારીઓના કેટલાક પડતર પ્રશ્નો અંગે ગુજરાત સ્ટેટ ફીશરીઝ ડીપાર્ટમેન્ટ એમ્પ્લોઈઝ ફેડરેશન દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને લેખિતમાં રજુઆત કરવામાં આવી છે. જેમાં સાતમા પગાર પંચના બાકી રહેતા તમામ લાભો સત્વરે આપવા માંગ કરવામાં આવી છે.

ગુજરાત સ્ટેટ ફીશરીઝ ડીપાર્ટમેન્ટ એમ્પ્લોઈઝ ફેડરેશનના પ્રમુખ પ્રદ્યુમનસિંહ વાઘેલાએ કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે રજુઆતમાં જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારના કર્મચારીઓને ગાંધીનગર અમદાવાદ લીંક સીટી હોવાને કારણે ૨૪ ટકા એચઆરએ આપવામાં આવે છે. જે મુજબ આ વિભાગના કર્મચારીઓને કેન્દ્ર સરકારના ધોરણે સાતમા પગાર પંચ મુજબ ૨૪ ટકા એચ.આર.એ. ચુકવવામાં આવે તથા કેન્દ્ર સરકારના ધોરણે મળવા પાત્ર અન્ય ભથ્થાઓ જેવા કે ટ્રાન્સપોર્ટ એલાઉન્સ શિક્ષણ ભથ્થુ જેવા અન્ય ભથ્થા સહિત કેન્દ્ર સરકાર દ્વારા ૧ જાન્યુઆરી ૨૦૧૮થી આપવામાં આવેલ ૨ ટકા ડીએ એરીયર્સ સાથે સત્વરે ચુકવવામાં આવે અને તમામ લાભો સત્વરે આપવામાં આવે તેવી માંગ મુખ્યમંત્રીને કરી રહ્યા છે અને સરકાર ઘટતી કાર્યવાહી કરે તેવો અનુરોધ પણ કર્યો છે.

## લારી ગલ્લા ધારકો દબાણ અંગે ફરિયાદ કરવા ગયાને પોલીસે ઉપાડી લીધા

### કલેકટર સમક્ષ રજુઆત કરવા પહોંચેલા ટીસીએસ પાસેના દબાણકર્તાએ આત્મવિલોપનની ચિમકી ઉચ્ચારતા પોલીસ બોલાવવી પડી : ૨૬ દબાણકર્તાઓને ડીટેઈન કરી સાંજે છોડયા

ગાંધીનગર, તા.૧૭

મહાનગરપાલિકાની દબાણ શાખાએ અડચણરૂપ ઉભા કરી દીધેલ લારી ગલ્લાઓના દબાણ ઉપર તવાઈ શરુ કરી છે ત્યારે ટીસીએસ સામેના રોડ ઉપરથી હટાવી દીધેલા લારી ગલ્લાના માલિકો દબાણ ટીમ અંગે ફરિયાદ કરવા કલેકટર કચેરી પહોંચ્યા હતા. લારી ગલ્લા ધારકોએ કલેકટર સમક્ષ રજુઆત શરુ કરીને તેમને ઉભા રહેવા દેવા માંગ કરી અને ત્યાર બાદ આત્મવિલોપનની ચિમકી આપી હતી. ના છુટકે કલેકટર કક્ષાએથી પોલીસ બોલાવી લઈ અટકાયતી પગલા લેવા હુકમ કરાયો હતો. સેકટર-૭ પોલીસે બપોરે ૨૬ દબાણકર્તા વેપારીઓને કલેકટર કચેરીએથી ઉપાડી લઈ અટકાયતી પગલા લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બપોરે ડીટેઈન કરાયેલા વેપારીઓને પોલીસે સાંજે છોડયા હતા. નોંધનીય બાબત છે કે આ વિસ્તારમાં આડેધડ અડચણરૂપ લારી ગલ્લાઓ મુકી દેવામાં આવતા હોવાથી ટ્રાફીકની સમસ્યા વકરે છે તે ઉપરાંત ત્યાં ખાણી પીણી માટે આવતા નગરજનોના વાહનો રસ્તા વચ્ચે પાર્ક થતા હોવાથી ટ્રફીકની સમસ્યા ભયંકર બને છે. જેની ફરિયાદોને પગલે દબાણ હટાવ ઝુંબેશ સઘન બનાવવામાં આવી છે.

## પંચાયત વિભાગની ૬૪૬૭ ખાલી જગ્યાઓ ભરવા સરકારની કવાયત તેજ

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત સરકારે પંચાયત વિભાગમાં ખાલી પડેલ ૬૪૬૭ જગ્યાઓ ભરવા કવાયત શરુ દીધી છે. પરિણામે સરકારમાં ટૂંક જ સમયમાં મોટી ભરતી થવાના એંધાણ દેખાઈ રહ્યા છે. મોટા પ્રમાણમાં ભરતી કરવા સરકાર દ્વારા વિવિધ જિલ્લાઓમાંથી માહિતીઓ પણ મંગાવવામાં આવી રહી છે.

ગુજરાત રાજય પંચાયત વિભાગમાં કુલ ૩૩ જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી કર્મચારી નિવૃત્તિની સંખ્યા વધી રહી છે જયારે નિવૃત્ત થનાર કર્મચારીઓ સામે નિયમ મુજબની ભરતીઓ થતી નથી. પરિણામે મહેકમમાં હંમેશા કર્મચારીઓની ઘટ જોવા મળે છે. ખાલી મહેકમને ભરવા માટે રાજય સરકારના પંચાયત વિભાગની હેઠળની કુલ ૬૪૬૭ જગ્યાઓ ટુંકા ગાળામાં ભરવા સરકારે કવાયત તેજ બનાવી છે. રાજયભરના કુલ ૩૩ જિલ્લામાં હાલ તલાટી કમ મંત્રીઓની ૧૮૧૯, કલાર્કની ૨૦૭૯, નાયબ ચિટનીસની ૨૩૨, ગ્રામ સેવકની ૩૦૦, ફિમેલ હેલ્થ વર્કરની ૧૫૪૩, લેબ ટેકનિશિયનની ૪૬ તથા મુખ્ય સેવિકાની ૩૭૮ જગ્યાઓ ખાલી છે તેને ભરવા માટે સરકારે સંબંધિત વિભાગો પાસેથી માંગણા પત્રકો પણ મંગાવવાની શરૂઆત કરી દીધી છે. જેથી ટૂંક જ સમયમાં પંચાયત વિભાગમાં મોટા પ્રમાણમાં ભરતીનો દોર શરુ થશે.

## વલાદમાંથી ત્રણ જુગારીઓ પકડાયા

ડભોડા પોલીસે બાતમી આધારે વલાદ ગામમાં ઝાડીઓમાં દરોડો પાડયો હતો. પોલીસ જોઈ ટોળું ભાગી ગયું હતું. જો કે પોલીસે ત્રણને રૂ. ૧૧,૩૦૦ના મુદામાલ સથે પકડી પાડયા હતા. ગોળવંટા ગામના ભૂપેન્દ્ર અરવિંદ પટેલ, વલાદના ધર્મેન્દ્ર ચિનુ પટેલ અને જવાન ઉર્ફે જલા ઠાકોરની ધરપકડ કરી ભાગેલા શખ્સો કોણ હતા તે અંગે પુછતાછ કરતા તે લોકો ભાગેલા જુગારીઓને ઓળખતા જ ન હોવાનું નિવેદન આપ્યું છે. પોલીસે આ નિવેદન લખી તેમની વાત પણ માની લીધી છે તે નવાઈની વાત છે.

તો બીજી તરફ અડાલજ પોલીસે બાતમી આધારે તારાપુર ગામમાં દિલીપ જવાન ઠાકોરને ત્યાં દરોડો પડી તેના ઘર પાસેથી તેને વરલી મટકાનો જુગાર રમાડતા પકડી પાડયો હતો. તેની સાથોસાથ સરગાસણ ખાતે સી-૨૦૨, પ્રમુખ ફલેટમાં રહેતા હરેશ કરશન પટેલને પણ વરલી રમાડતા પકડી લીધો હતો. રૂ. ૨૧૨૦ની રોકડ સાથે બંનેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## શહેરમાં થતા દબાણ સ્થળો પર સિકયુરીટી ગાર્ડ ચોકી કરશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરી વિસ્તારમાં વર્ષોથી ઠેર ઠેર અડિંગો જમાવીને બેઠેલા લારી ગલ્લાના દબાણો તંત્ર માટે માથાનો દુખાવો બની ગયા છે. ગાંધીનગર મહાનગર પાલિકાના દબાણ તંત્ર દ્વારા દબાણ ઝુંબેશ હાથ ધરી છેલ્લા ઘણા સમયથી સંખ્યાબંધ દબાણો દૂર કરી સપાટો બોલાવે છે પરંતુ દબાણકારો એક કે બે દિવસમાં જે તે સ્થિતિમાં લારી ગલ્લા લઈ ગોઠવાઈ જાય છે. વારંવારની આ પરેશાનીના કાયમી ઈલાજ રૂપે ગાંધીનગર મનપાએ દબાણ થતા સ્થળો પર હવે સિકયુરીટી ગાર્ડ મુકવાનું આયોજન કરી હાલ ત્રણ સ્થળોએ સિકયુરીટી ગાર્ડ તૈનાત કરી દીધા છે.

**મનપા તંત્ર એ ઘ-૩ સર્કલ, ઘ-૫ કપડાં બજાર તથા ઘ-૦થી રિલાયન્સ ચોકડી સુધીના માર્ગ પર ત્રણ સિકયુરીટી ગાર્ડ તૈનાત કર્યા છે**

ગાંધીનગર શહેરી વિસ્તારમાં નાગરિકોથી ભરચક એવા ઘ-રોડ, ચ-રોડ ઉપરાંત રિલાયન્સ ચોકડી, ઘ-૦ સર્કલ, પથિકાશ્રમ સર્કલ, સેકટર-૧૬ વાણિજય વિસ્તાર, સેકટર-૨૧ મુખ્ય માર્કેટ, સેકટર-૭ મુખ્ય માર્કેટ, ઘ-૨ નજીક અપના બજાર વિસ્તારમાં લારી ગલ્લાના દબાણો વર્ષોથી ખુલ્લી જગ્યાઓ વગર ભાડે પચાવી દબાણકારો બેસી ગયા છે. દબાણકારો સતત દબાણનો વ્યાપ વધારી રહ્યા છે. પરિણામે ખાણી-પીણી તથા ખરીદી માટે આવતા નાગરિકો જયાં ત્યાં વાહન પાર્ક કરતા ઠેર ઠેર ટ્રાફિક જામની સમસ્યા ગંભીર બને છે ત્યારે આ દબાણકારો સામે લાંબા સમયથી મનપાના દબાણ તંત્ર એ લાલ આંખ કરી દબાણ ઝુંબેશ શરુ કરી છે.

દબાણ તંત્ર દરરોજ ટીમો સાથે શહેરના દબાણો હટાવે છે તો બીજી બાજુ દબાણકારો બીજા દિવસે જ પાછા જેમ હતા તેમ ગોઠવાઈ જાય છે. દબાણ તંત્રની ટીમો માટે આ દબાણો માથાની મુસીબત બની ગયા છે. મહાનગરપાલિકાના દબાણ તંત્રની કાર્યવાહી બાદ દબાણકારો પાછા ન આવે તે માટે પાલિકા તંત્ર એ હવે કાયમી આ દબાણકારોના ઈલાજ માટે હવે દબાણ સ્થળો પર સિકયુરીટી ગાર્ડ મુકવાની વ્યવસ્થા કરવાનો નિર્ણય કર્યો છે અને પ્રાથમિક તબક્કે ઘ-૦ થી રીલાયન્સ ચોકડી માર્ગ પર, ઘ-૩ પથિકાશ્રમ સર્કલ અને ઘ-૪ થી ઘ-૫ વચ્ચે કપડા બજાર પર એમ ત્રણ સ્થળે સિકયુરીટી ગાર્ડ મુકવામાં આવ્યા છે. ભવિષ્યના સમયે પણ અન્ય કાયમી દબાણો દુર કરી ત્યાં પણ સિકયુરીટી ગાર્ડ મુકવાનું તંત્ર વિચારી રહી છે.

## બોરીજ પાછળના દેશી દારૂના અડ્ડા ઉપર એસઓજી ત્રાટકી

### પતરાના ૯૦ જેટલા ડબ્બા ભરીને સંતાડેલો દારૂ ગાળવા વપરાતો ૧૩૫૦ લીટર વૉશ મળ્યો : વૉશનો નાશ કરાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર નજીક સરકીટ હાઉસ પાછળ બોરીજ ગામમાં દેશી દારૂનો અડ્ડો ધમધમતો હોવાની બાતમી આધારે એસઓજીની ટીમે દરોડો પાડયો હતો. વણઝારાના મકાનોની પાછળ નદીની કોતરોમાં દરોડો પાડી એસઓજીએ સપાટો બોલાવ્યો હતો. અમરૂ ઉર્ફે અમરત શકરા ઠાકોરને ત્યાં દરોડો પાડતા પોલીસને જોઈ અમરત ભાગી ગયો હતો. એસઓજીની ટીમે સર્ચ કરી અલગ અલગ સ્થળે સંતાડેલો દેશી દારૂ ગાળવા વપરાતો વૉશ શોધી કાઢયો હતો. વિવિધ સ્થળોએથી પતરાના ૯૦ જેટલા ડબ્બાઓ મળી આવ્યા હતા. જેમાંથી ૧૩૫૦ લીટર વૉશ મળ્યો હતો. દેશી દારૂ ગાળવા વપરાતા આ વૉશના જથ્થાનો એસઓજીની ટીમે નાશ કરી દીધો હતો અને ફરાર થઈ ગયેલા બુટલેગર અમરત ઠાકોર સામે સે-૨૧ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## હથિયારધારી ટોળકીએ ઘ-૬ સર્કલ માથે લીધું : પોલીસ આવતા ટોળુ ભાગી ગયું : બે પકડાયા

ગાંધીનગર, તા.૧૭

શહેરના ઘ-૬ સર્કલ પાસે આજે બપોરના સુમારે હથિયારધારી ટોળકીએ રીતસરની ધમાલ મચાવી મુકી હતી. કલરકામ કરતા કારીગરો વચ્ચે રૂપિયાની લેવડ દેવડમાં થયેલી માથાકૂટ મોટી થઈ હતી અને અમદાવાદથી ૨૫ થી ૩૦ શખ્સોનું ટોળુ લાકડીઓ-પટ્ટા અને પાઈપો લઈને ઘ-૬ આવી પહોંચ્યું હતું. એક યુવાન સાથે મારામારી શરુ કરી દીધી હતી. પોલીસને ધમાલ અંગે જાણ થતા ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસને જોઈને ટોળું ફરાર થઈ ગયું હતું. જો કે પોલીસના હાથમાં બે શખ્સો આવી ગયા હતા. બંને સામે અટકાયતી પગલા લઈ પુછપરછ શરુ કરવામાં આવી છે.

## સરકારે કિસાનોના હિતમાં ભારતીય ઘોડાઓ અંગે યોગ્ય નીતિ ઘડવાની જરૂરિયાત

### હોર્સિસ ઈન્ડિયા ડોટ કોમનો ઘોડા ઉછેરનારાઓને એક છત્ર તળે લાવવાનો પ્રયાસ : ભારતના મારવાડી ઘોડાની માંગ વિશ્વભરમાં

ગાંધીનગર, તા.૧૭

ભારતનો ઈતિહાસ ઘોડાઓની પીઠ પર લખયેલો છે તેવું કહેવું કદાચ અતિશયોક્તિ એટલા માટે નહીં કહેવાય કે પુરાતન કાળથી માંડીને અર્વાચીન કાળ સુધી ભારતીય સંસ્કૃતિમાં ઘોડા એક અવિભાજ્ય અંગ બની રહ્યા છે. જો કે ઘોડાઓ ભારતીય સંસ્કૃતિમાં આટલું મહત્વ ધરાવતા હોવા છતાં ભારતમાં એચએએલ ભારતીય મૂળના ઘોડાઓની અવગણના થઈ રહી છે. આ પરિસ્થિતિમાં www.hrosesofindia.com પોર્ટલ ભારતમાં ભારતીય ઘોડા, ઘોડાના ઉછેરાનારાઓ તેમજ ઘોડેસવારોનો ડિજિટલ ડેટાબેઝ તૈયાર કરવામાં આવ્યો છે. જો સરકાર દ્વારા ભારતીય સૈન્યથી માંડીને પોલીસ સુધી ભારતીય મૂળના મારવાડી ઘોડાનો ઉપયોગ કરવાનું મુનાસિબ માને અને ઘોડાની નિકાસને વેગ મળે તેવી નીતિ અપનાવે તો ભારતીય નસલના આ ઘોડાના સંવર્ધન માટે અનેક તકો વિસ્તરે તેમજ આ પ્રકારના ઘોડા ઉછેરતા ખેડૂતોને પ્રોત્સાહન મળતાં તેમની આવકમાં વધારો થઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર આસપાસના વિસ્તારમાં કેટલાક ખેડૂતો દ્વારા મારવાડી ઘોડા જતનથી ઉછેરવામાં આવી રહ્યા છે.

ગુજરાતમાં વિવિધ સ્થળોએ સાથે, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, દિલ્હી અને મહારાષ્ટ્રમાં નિર્ણય તમામ રાજયોમાં સર્વસંમતિ સધાઈ છે કે ભારતીય જાતિના ઘોડા તેમના દેખાવ, દ્રઢતા, સહનશકિત અને અસ્તિત્વ ટકાવી રાખવાની કુશળતા માટે જાણીતા છે. હવે આ સમયની જરૂરિયાત એ છે કે ભારતીય સરકારે ભારતીય વારસાનું રક્ષણ કરવા ભારતીય ઘોડાના ઈતિહાસ વિશે વાતચીત શરૂ કરવી જોઈએ. ગાંધીનગર





પાસેના જાણીતા અશ્વપ્રેમી શૌર્ય સ્ટડ ફાર્મના ધીરેનકુમારે જણાવ્યુ છે કે, 'આજે પહેલી મહાન જરૂરિયાત છે કે www.hrosesofindia.com પર ભારતીય ઘોડાઓ અંગે આ વેબસાઈટ પર તમામ ઉપયોગી માહિતી મૂકવામાં આવી છે જેમાં અશ્વવિષયક આરોગ્ય અને તેની જાળવણી અંગેની માહિતનો પણ સમાવેશ થાય છે. ભારતીય ઘોડાઓની ૬ પ્રજાતિઓ છે પરંતુ તેમના વિવિધ લક્ષણો વિશે ખૂબ જ ઓછી માહિતી છે. મને ખુશી છે કે અહીં દેખાતો ઉત્સાહ ભારતીય જાતિના ઘોડાને વધુ સુરક્ષિત કરશે.' આલ્બા ઈન્ફો સોલુશન્સ પ્રા. લિ.ના મેનેજિંગ ડિરેક્ટર દિપક ખન્નાએ જણાવ્યુ હતું કે, 'આ વેબસાઈટ પર ભારતીય ઘોડાઓ અંગે વિસ્તૃત માહિતી મૂકવામાં આવી છે જે ઘોડાઓમાં રસ ધરાવનારોને તેમજ સ્ટડ ફાર્મના અભ્યાસુઓ વગેરેને ખુબજ ઉપયોગી સાબિત થશે અમે તેઓ સંગઠિત થઈ શકશે. ભારતીય ઘોડાની ૬ જાતો છે જેમાં મારવાડી, ઘોસ્ટ, કાઠિયાવાડી, મણિપુરી, જાનસ્કારી અને ડેકકની છે. મારવાડી ઘોડા તેમના શક્તિશાળી બંધા અને ઊંચા રહેતા આકર્ષક કાન માટે જાણીતા છે, આ એક દુર્લભ જાતિ છે. ભારતીય ઘોડાઓ અંગે કેન્દ્ર અને રાજય બંને સરકારોએ કિસાનના હિતમાં યોગ્ય નીતિ ઘડવાનો સમય હવે પાકી ગયો છે. આ નીતિમાં ઘોડાઓને વિમા કવચથી માંડીને ઘોડાઓના આસિયાન દેશો સાથેના વેપાર અને નિકાસને પ્રોત્સાહન આપતી નીતિનો સમાવેશ કરવો જોઈએ કેમ કે ભારતીય ઘોડાઓની માંગ પાડોશી દેશો બાંગ્લાદેશ, ભૂટાન અને પાકિસ્તાન સહિત સમગ્ર વિશ્વભરમાં છે.'

## ચિરવિદાય

- સ્વ. કામદાર કિરીટભાઈ છોટાલાલ, ઉ.વ. ૭૭
- સ્વ. દિવાળીબેન છગનભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૯૦
- સ્વ. શાંતાબેન વજાજી ઠાકોર, ઉ.વ. ૯૦
- સ્વ. જાદવ ભૂપેન્દ્ર પરબતજી, ઉ.વ. ૧૯
- સ્વ. શુકલ દિલીપકુમાર અમૃતલાલ, ઉ.વ. ૬૮